વી. એસ. ગણેશવાલા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નોર્થઝોન (કતારગામ)

એન.ઝેડ/આઉટ/નં.૧૫૯૯૮
તા. ૩/૨૦૨૩

પ્રતિ શ્રી,

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

વિષય :- નોર્થઝોન (કતારગામ) નવા સમાવિષ્ટ વિસ્તારમાં વરસાદી પાણીનાં નિકાલ અર્થે પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત હયાત ખાડી તેમજ કાચી ગટરોને પોક્લેન મશીન તથા જે.સી.બી. મશીનથી ડ્રેજીંગ કરી ડ્રેજીંગ મટીરીયલ ટ્રેક્ટર તેમજ ટ્રકથી મટીરીયલ શિફ્ટ કરવાનું કામ.

મહાશય,

ઉપરોક્ત વિષયમાં જણાવ્યા મુજબનું કામ સ્થાયી સમિતિ ઠરાવ નં.૬૭૧/૨૦૨૨, તા.૦૫/૦૨/૨૦૨૨ થી મંજુર થયેલ ભાવો મુજબનું એટલે કે ટેન્ડર રકમ રૂા.૮,૧૨,૦૦૦-૦૦પૈસાનું કરવાનું રહેશે.

ઉપરોક્ત કામગીરી કરી આપવા આપ સંમત હોય તો જરૂરી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ / અનુભવનું પ્રમાણપત્રની ખરી નકલ, સરકારશ્રીનાં નવા નિયમ મુજબનું જી.એસ.ટી. સર્ટિફિકેટની ખરી નકલ અને ઈ.એમ.ડી.ની રકમ રૂા.૮,૨૦૦-૦૦પૈસા મા. કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ સહિત લેખીત સંમતિ તા. ૨૭/૦૭/૨૦૨૩ સુધીમાં નીચે સહી કરનારની કચેરીએ પહોંચતી કરવા આથી તમોને જણાવવામાં આવે છે.

ઉપર જણાવેલ તારીખ બાદ તથા સરકારશ્રીનાં નવા નિયમ મુજબનું જી.એસ.ટી. સર્ટિફિકેટ અને ઈ.એમ.ડી. વિના આવેલ સંમતિપત્રકો માન્ય રાખવામાં આવશે નહિ જેની નોંધ લેવી, તેમજ કોઈ પણ ઈજારદારનું સંમતિ પત્રક મંજુર કરવાનો તથા બધા જ સંમતિપત્ર રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે જેની નોંધ લેશો.

કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો-હાઉસની બાજુમાં, સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org
Mo.No.9925012678

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૫–૫–૨૦૨૨ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૬–૪–૨૦૨૨ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭ થી વિદિત થઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં આવેલ હયાત ખાડીઓ/કાચી ગટરોને પોકલેન મશીન તેમજ જે.સી.બી. મશીન ધ્વારા ડ્રેજીંગ/ડીસીલ્ટીંગ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ઓડેદરા કન્સ્ટ્રકશન કું. નું નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગતેનું કુલ રૂા.૩૭,૨૫,૨૫૦/– નું બિનશરતી ટેન્ડર, તેઓએ તેમના તા.૪–૪–૨૦૨૨ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ ઝોનને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન વિસ્તારના સમાન પ્રકારના કામોએ પણ સદર ટેન્ડર હેઠળ મંજુર ભાવોને ૧ (એક) વર્ષ માટે યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું/માન્ય ગણવાનું તથા સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવનાર અન્ય ઈજારદારોને સદર મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતોને આધિન અન્ય તમામ ઝોનોમાં જરૂર જણાયે આવા પ્રકારની કામગીરી સોંપવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

FOR INFORMATION PURPOSE

**પરિશિષ્ટ**

| કામગીરીની વિગત | ક્વોન્ટીટી (કુલ કલાક) | પ્રતિ કલાકનો ભાવ | રકમ રૂા. |
|---|---|---|---|
| પોકલેન મશીન L&TPC:200 | ૧૭૫૦ | ૧,૪૧૩/– | ૨૪,૭૨,૭૫૦/– |
| જેસીબી 3D OR 4CX | ૧૨૦૦ | ૬૦૦/– | ૭,૨૦,૦૦૦/– |
| ટ્રેક્ટર | ૧૫૦૦ | ૧૫૫/– | ૨,૩૨,૫૦૦/– |
| ડમ્પર | ૧૦૦૦ | ૩૦૦/– | ૩,૦૦,૦૦૦/– |
| | | કુલ | ૩૭,૨૫,૨૫૦/– |

ઠરાવ નં.૬૭૧/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૫–૨૦૨૨.

Deputy Engineer,
North Zone (Katargam)
Surat Municipal Corporation.

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"